<u>વસો પોલીસ સ્ટેશન ગુના રજી. નં.-૧૧૨૦૪૦૬૫૨૬૦૦૮૫/૨૦૨૬ ના કામે મુદામાલ HERO MOTOCORPLTD SPLENDOR BLACK-SILVER STR વાહન જામીન ઉપર સોંપવાની અરજી હેઠળ હુકમ :</u>

(૧) અરજી વંચાણે લીધી. રજુ થયેલ પોલીસ અભિપ્રાય વંચાણે લીધો. અરજદારના વિધ્વાન વકીલશ્રી ને તથા સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીને સાંભળ્યા. અરજદારે હાલના ગુન્હાના કામે પોલીસે કબજે લીધેલ મુદામાલ HERO MOTOCORPLTD SPLENDOR BLACK-SILVER STR જેનો રજી નંબર GJ-07-EH-9779 છે તે પરત મેળવવા અરજી કરેલ છે.

(૨) હાલનો કેસ એમ.વી.એકટ-૧૮૫ મુજબનો છે. આ કામે અરજી અન્વયે રજુ થયેલ મુદામાલ પાવતી તથા પંચનામુ જોતા આ મુદામાલ **HERO MOTOCORPLTD SPLENDOR BLACK-SILVER STR જેનો રજી નંબર GJ-07-EH-9779** આરોપી પાસેથી કબ્જે લેવામાં આવેલ છે.

(૩) રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેતાં, આ કામે અરજદારે મુદ્દામાલ મો.સાની આર.સી બુકની ઝેરોક્ષ રજુ રાખેલ છે. ગુનાની હકીકત જોતાં મુદ્દામાલ લાંબો સમય બીન વપરાશી પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેને નુકસાન થાય અને ખરાબ થઈ જાય તેમજ મુદ્દામાલ અરજદારની રોજબરોજની જરૂરીયાતનું સાધન હોઈ બી.એન.એસ.એસ.ની કલમ ૪૯૭ (સી.આર.પી.સી. કલમ-૪૫૧) ની જોગવાઈઓ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ ના સુંદરલાલ અંબાલાલના ચુકાદામાં આપેલ ગાઈડ લાઈન તથા ૧૯૭૬ ક્રિ.લો.જ. ૧૪૬૧ ના ચુકાદાથી પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતોને ધ્યાને લેતાં, યોગ્ય શરતોને

આધીન પરત આપવું હું ન્યાયી માનું છું. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરૂં છું.

*-:: હુ ક મ ::-*

(૧) આ કામે પોલીસે કબજે કરેલ HERO MOTOCORPLTD SPLENDOR BLACK-SILVER STR જેનો રજી નંબર GJ-07-EH-9779 છે તે આ કામનાં અરજદાર **ગોહેલ રોહિતકુમાર કનુભાઈ** નાઓને મુદ્દામાલની કિંમતથી દોઢી રકમના લાયક જામીન અને તેટલી જ રકમના બોન્ડ આપ્યેથી નીચેની શરતોને આધીન વચગાળાના ધોરણે સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

*શરતો :*

(ક) અરજદારે અદાલત ફરમાવે ત્યારે અને ફરમાવે ત્યાં મુદ્દામાલ વાહન રજુ કરવાનું રહેશે.
(ખ) અરજદારને મુદ્દામાલના વચગાળાના કબજા દરમ્યાન તેના ઉપર કોઈ લોન, ગીરો કે કોઈ બોજો ઉત્પન્ન કરવાનો નથી.
(ગ) અરજદારે આ કેસનો નિર્ણય ન થાય ત્યાં સુધી મુદ્દામાલનું કોઈને વેચાણ કે કબજો અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવાનું નથી.
(ઘ) અરજદારે મુદ્દામાલના સ્વરૂપમાં તેની ઓળખ બદલાઈ જાય તેવો કોઈપણ જાતનો ફેરફાર કરવો કરાવવો નહિ.
(ચ) મુદ્દામાલનો અન્ય કોઈ ગુન્હાના કામે ઉપયોગ કરવો કરાવવો નહિ.
(છ) મુદ્દામાલ સંબંધે હુકમની એક નકલ આ કામનાં તપાસકર્તા અધિકારીને મોકલી આપવી.
(જ) આ કામે જામીન પોલીસ સ્ટેશનમાં આપવા.

આ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

વસો.

તારીખ : ૧૮/૦૩/૨૦૨૬

(સૌમિત્ર સુબોધભાઈ ત્રિવેદી)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વસો જિ.ખેડા
કોડ નંબર : જીજે ૦૧૪૨૫